C.C.563-2018

**:: આંક–૧૫ લગત હુકમ ::**

**(૧)** આ કામના અરજદાર રાકેશ શરદચંદ્ર પાટીલ નાએ સદર અરજી આપી અરજ ગુજારેલ છે કે, દહેજ પો.સ્ટે.ગુના રજી.નં.ı.૪૯/૧૮, ઈપીકો કલમ ૪૦૭, ૧૨૦ (બી) વગેરેથી નોધાયેલ છે. સદર ગુનાની હકીકત એવી છે કે, ફરીયાદીની બ્લીચ કેમ એકઝીમ ઈન્ડીયા પ્રા.લી.કંપનીએ જી.એન.એફ.સી. ટી.ડી.આઈ. કંપની રહીયાદ પાસેથી ટી.ડી.આઈ. નો જથ્થો ૨૫૦ કિ.ગ્રા. વજનવાળા ૮૦ ડ્રમ કુલ ૨૦ મે.ટન કિ.રૂા.૭૦,૭૩,૭૦૦/– ની ખરીદી કરી પાર્થ રોડલાઈન્સના ટ્રક નં.જીજે.૧૯.વી.૨૬૫૦ જેનો કસ્ટમર નં.FCIU306109(9) માં ભરી હજીરા અદાણી પોર્ટ ખાતે મોકલેલ અને ત્યાંથી બોર્ડ થઈ ઓમાન(વિદેશ) જવા રવાના થયેલ અને રસ્તામાં કયાંક ટ્રક નં.જીજે.૧૯.વી.૨૬૫૦ ના ડ્રાઈવર રાજેશકુમાર સીંગ તથા અન્ય કોઈએ ટી.ડી.આઈ. નો જથ્થો સગેવગે કરી નકકલ કરેલ જગ્યાએ નહી પહોચાડી ગુનાહીત વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યા બાબતની ફરીયાદ દહેજ પો.સ્ટે. તા.૮/૬/૧૮ ના રોજ નોધાયેલ છે. સદર અરજદારને અટક કરી રીમાન્ડ મેળવેલ અને રીમાન્ડ પુરા થતા જામીન અરજી રજુ કરેલ જે નામંજુર થતા નામદાર ડીસ્ટ્રકીટ કોર્ટ ભરુચના ક્રિ .પરચુ.અરજી નં.૫૭૪/૧૮ થી રુા.૨૫,૦૦૦/– ના જામીન પર કેટલીક શરતોને આધિન જામીન પર મુકત કરેલ જે શરતો પૈકીની શરત નં.(૧) The Applicant accused shall mark his presence on every Saturday between **10.00** a.m. to **3.00** p.m. in Dahej Police Station, for one year from the date of this Order.

સદર શરત નં.૧ નીચે જણાવેલ કારણો સદર ડીલીટ કરવા અથવા વિકલ્પે સુધારો કરી આપવા માટે હાલની અરજી કરેલ છે કે, જેમાં (૧) અરજદાર અરજીમાં જણાવેલ નામ સરનામામાંથી તેઓનું કાયમી વસવાટ કરી વેપાર કરી તેઓનું તથા કુંટુંબીજનોનું ગુજરાન ચલાવે છે. (૨) સદર કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જસીટ રજુ થઈ ગયેલ છે. (૩) નામદાર સ ેસન્સ કોર્ટે અરજદારને ક્રિ.પ.અરજી નં.૫૭૪/૧૮ ને લગત જે હુકમ કરેલ છે હુકમમાની શરતોનું પાલન કરેલ છે અને આજ દિન સુધી કરતા આવેલા છે અને જે હુકમ મુજબ તેઓએ રા.૨૫,૦૦૦/– ના પર્સનલ બોન્ડ તથા ભરુચ જીલ્લાના રુા.૨૫,૦૦૦/– ના પાકા જામીન પણ રજુ કરેલ છે અને બીજી તમામ શરતોનું પાલન કરેલ છે જેથી નાસી ભાગી જવાનો

પ્રશ્ન રહેતો નથી. (૪) અરજદારને સેસન્સ કોર્ટના હુકમ માની શરત નં.૧ મુજબ દહેજ પો.સ્ટે.માં હાજર થવુ પડે તેમ છે તેમજ અરજદાર ૪૫૦ થી ૫૦૦ કી.મી. દુર ફકત હાજરી પુરાવવા માટે આવવુ પડે તેમ છે તેવામાં આર્થિક, માનસીક અને શારીરીક ઘણુ જ નુકશાન જાય તેમ છે અને એવામાં તેઓનો ધંધો રોજગાર છીનવાઈ જાય તેવી પરિસ્થિતિ ઉભી થાય તેમ છે તેમજ નામદાર કોર્ટમાં દર ઠરાવ તારીખે હાજર રહે છે તેમજ સદરહું કામ ચાલવા પર ઘણો સમય જાય તેમ હોય જેથી સદર અરજી મંજુર કરવી ખુબ જરુરી છે.(૫) અરજદાર એવી પાકી ખાતરી અને બાંહેધરી આપે છે કે, આપ નામદાર કોર્ટ જે હુકમ ફરમાવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેમજ જે શરતો મુકશે તેનુ પણ ચુસ્તપણે પાલન કરશે. સબબ અરજ કરેલ છે કે, નામદાર ભરુચના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે ક્રિ.પ.અ.નં.૫૭૪/૧૮ ના કામે કરેલ હુકમમાની શરત નં.૧ ડીલીટ કરી આપવામાં આવે અથવા વિકલ્પે શરત નં.૧ મુજબ દર શનિવારે હાજર ન રહેવાની પરવાનગી આપવામાં આવે અથવા વિકલ્પે મહીનામાં એક વખત હાજર રહેવાની પરવાનગી આપતો હુકમ કરી આપવા યોગ્ય હુકમ ફરમાવવા તેમજ નામદાર કોર્ટને યોગ્ય અને મુનાસીબ લાગે તેવો હરકોઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૨)** અરજદાર તર્ફે તેઓની અરજીના સમર્થનમાં વિ.વ.શ્રી પી.જે.મારુ ની વિસ્તારપુર્વકની રજુઆત સાંભળવામાં આવેલ છે. તેમજ અરજદાર તર્ફે અરજીના સમર્થનમાં રજુ કરવામાં આવેલ ચુકાદાઓને માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**(૩)** અરજદારની અરજીની વિરુઘ્ધમાં સરકારી વકીલશ્રીનો શેરો વંચાણે લીધો તેમજ તેઓએ મૌખિકમાં અરજી સંદર્ભે હર્ડ ગણી લેવા વિનંતી કરેલ છે.

**(૪)** ઉપર મુજબની ઉભયપક્ષની રજુઆતો ઘ્યાને લીધી. અરજદાર તર્ફે રજુ અરજીની હકીકત ઘ્યાને લીધી. રજુ ચાર્જસીટની હકીકતનો ઘ્યાને લેતાં આરોપી વિરુઘ્ધ ઈપીકો કલમ ૪૦૭, ૧૨૦(બી), ૪૬૮, ૪૭૧, ૩૭૯, ૪૧૧ મુજબના ગુના સબબની ચાર્જસીટ રજુ થયેલ છે. આમ, આક્ષેપિત ગુના સબબની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા આ અદાલત એટલ ે કે નામદાર નીચેલી કોર્ટને રહેલી છે. નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ ઘ્વારા ક્રિમી. ૫.અરજી નં.૫૭૪/૧ ૮ ના કામે તા.૯/૧૦/૧૮ ના રોજ કરવામાં આવેલ હુકમને માનસહ વંચાણે લેવામાં આવેલ છે. જે હુકમમાં નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે શરત નં.૭ માં The Trial Court shall be at liberty to modify/delete any of the aforementioned

condition/s. તે મુજબની ફરમાવેલ છે. આમ, આ અદાલતને શરતમાં ફેરફાર કરવાનો કે ડીલીટ કરવાનો નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના હુકમ મુજબ સત્તા રહેલી છે. અરજદારની અરજીની હકીકતને ઘ્યાને લેતાં અરજદાર મુંબઈ થાણે ના રહેવાસી છે અને જો તેઓને શરત નં.૧ મુજબ દર શનિવારે દહેજ પો.સ્ટે.માં હુકમની તારીખથી એક વર્ષ સુધી હાજરી પુરાવવા આવવુ પડે તો મુંબઈ અને દહેજ વચ્ચેના અંતરને ઘ્યાને લેતા અરજદારને આર્થિક અને શારીરીક ઘણુ જ નુકશાન થવાની શકયતા રહેલી છે તે સંજોગોમાં અરજદારે તેઓની અરજીમાં શરત નં.૧ મોડીફાય કરવા સંદર્ભે જે કારણો જણાવેલ છે તે વ્યાજબી જણાય છે અને તે સંજોગોમાં અરજદારની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદાર રાકેશ શરદચંદ્ર પાટીલ નાઓની હાલની આ અરજી આથી અંશતઃમંજુર કરવામાં આવે છે.

નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ ભરુચ નાઓએ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૫૭૪/૧૮ માં ફરમાવેલ માત્ર શરત નં.૧ નીચે મુજબ મોડીફાઈડ કરવામાં આવે છે.

આ કામના અરજદારે નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના ક્રિ.પ.અ.નં.૫૭૪/૧૮ મા થયેલ હુકમની તારીખથી એક વર્ષ સુધી દર મહીનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારના કલાક ૧૦ :૦૦ થી બપોરના કલાક ૩ઃ૦૦ સુધીમાં દહેજ પો.સ્ટે.માં હાજરી પુરાવવી.

હુકમની જાણ સબંધીત પો.સ્ટે.કરવી.

હુકમ આજ તારીખઃ૧૨મી, માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કયો.

**DATE :12-02-2019** **(SAGARKUMAR SHANTILAL PRAJAPATI)**
**PLACE:VAGRA** **J.M.F.C.,VAGRA,**
**CODE NO.GJ01482**